# ઉમા વિદ્યાલય

શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ-વડોદરા સંચાલિત





# માહિતી પત્રક

## ૨૦૨૫-૨૦૨૬



## સંસ્થા તથા શાળાનો ઈતિહાસ

શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળની સ્થાપના ઇ.સ.૧૯૧૯ માં થઇ ત્યારથી અત્યાર સુધી સંસ્થાનાં ૨૦૨૫ પ્રમાણે ૧૦૬ માં વર્ષ સુધીમાં કેળવણી વિષયક તેમજ સામાજિક પ્રવૃત્તિઓ નિષ્ઠાપૂર્વક ચલાવવામાં આવી રહી છે.

આ સંસ્થા એ વડોદરા શહેરનાં તરસાલી વિસ્તારમાં ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ ના બાળકોને (વિદ્યાર્થીઓને) શિક્ષણ મળે તે ઉદ્દેશ (ધ્યેય) થી ઉમા વિદ્યાલય શાળાની જૂન-૨૦૦૪ માં પ્લે ગ્રુપ/કે.જી. થી ધોરણ-૯ ના વર્ગોથી શરૂઆત કરી.જૂન–૨૦૦૫ માં ધોરણ-૧૦ થી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના વર્ગોની શરૂઆત થતા આ એક સંપૂર્ણ શૈક્ષણિક સંસ્થા બની ગઇ.

ઉમા વિદ્યાલયે સમયની સાથે રહી આધુનિક ટેકનોલોજીના માધ્યમ દ્વારા દશ્યશ્રાવ્ય સાધનોનાં ઉપયોગથી શ્રેષ્ઠ અને ગુણવત્તા સભર શિક્ષણ ઉપરાંત રમત-ગમત તેમજ અન્ય સાંસ્કૃતિક પ્રવૃતિઓ દ્વારા બાળકોનાં શારીરિક કૌશલ્ય તેમજ તેમનાં સર્વાંગી વિકાસ માટે પણ સતત કાર્યરત રહીને સમગ્ર તરસાલી વિસ્તાર તેમજ વડોદરા શહેરની નામાંકિત શાળાઓમાં પોતાની આગવી ઓળખ સ્પષ્ટ કરેલ છે.શાળાની શરૂઆત વર્ષ ૨૦૦૪ માં અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમમાં કુલ ૧૧૪૦ વિદ્યાર્થીઓની સંખ્યા સાથે શરૂ થયેલી આ શાળામાં આજે વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૨૯૦૦ સુધી પહોંચેલ છે. જે આ શાળાની સફળતા સૂચવી જાય છે.

## પરિસર

- શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ,વડોદરા,ટ્રસ્ટ સંચાલિત શ્રી કેશવ ગોવર્ધન કેળવણી સંકુલ આશરે બે લાખ ચોરસ ફૂટ જમીન માં પથરાયેલ લીલુંછમ સંકુલ છે, જેમા શાળાના મુખ્ય પ્રવેશદ્વાર ની સામે “સરસ્વતી માં”નું મંદિર, પૂર્વ પ્રાથમિક વિભાગ (૨૩ રૂમ), પ્રાથમિક વિભાગ (૩૨ રૂમ), માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ (૩૫ રૂમ), ભોજનાલય, રસોઇખંડ અને કાર્યાલય ભવન ની ભવ્ય ઇમારતો ધરાવતા સ્વતંત્ર મકાનો એ આ શૈક્ષણિક સંકુલની વિશિષ્ટતા છે.સંકુલ પાકા રસ્તા તથા વિદ્યાર્થીઓના વાહન માટે ની અલગ પાર્કિંગ સુવિધાથી સજ્જ છે.
- સમગ્ર સંકુલ કમ્પાઉન્ડ વોલથી ભવ્ય રીતે રક્ષાયેલું છે તેમજ સિક્યૉરીટી કેબિન ધરાવતાં બે વિશાળ પ્રવેશદ્વાર, પીક-અપ સ્ટેન્ડ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ માટેનું ભવ્ય સ્ટેજ (મંચ) ધરાવે છે. કાર્યાલય ભવનને વિસ્તારી બે માળનો બનાવવામાં આવેલ છે. જેમાં સ્ટોરરૂમ સહિત અદ્યતન બેઠક વ્યવસ્થા ધરાવતા કોન્ફરન્સ હોલનો પણ સમાવેશ થાય છે.
- કેરમ, ચેસ, ટેબલ ટેનિસ વગેરે ઇન્ડોર ગેમ માટે બે મોટા વિશાળ હોલની સુવિધા ઊભી કરેલ છે.
- પ્રાથમિક વિભાગમાં વિદ્યાર્થીઓ માટે વધુ સુવિધા અને સગવડનાં ભાગરૂપે વિશાળ ડોમ બનાવવામાં આવેલ છે.જેમાં વિદ્યાર્થીઓ કોઇપણ ઋતુમાં પ્રાર્થનાસભા તેમજ રિસેસમાં નાસ્તો કરી શકે છે.
- વૃક્ષોથી આચ્છાદિત લીલુંછમ પટાંગણ અને જ્ઞાનની પરમસીમાએ પહોંચે તેવા વિદ્યાર્થીઓ માટેની ઉત્તમ શૈક્ષણિક સંસ્થા એટલે જ ઉમા વિદ્યાલય.
- અનેક દાતાઓના દાનના અસ્ખલિત પ્રવાહથી સફળતાને શિખરે પહોંચવામાં આ સંસ્થાએ હરણફાળ ભરી છે.



## લક્ષ્ય

- આધુનિક શિક્ષણ પદ્ધતિની સાથે વિદ્યાર્થીઓમાં માનસિક, શારીરિક અને ભાવનાત્મક વિકાસનું સિંચન,
- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ કેળવી સુદ્રઢ ભવિષ્ય માટેનાં પડકારોનો સામનો કરવા સક્ષમ બનાવવા.
- વિદ્યાર્થીઓને આજના સમયપ્રવાહમાં મૂલ્યોની સાથે માહિતી અને પ્રૌદ્યોગિકીય જ્ઞાન **(Information & Technology)** નું સંતુલન જાળવીને પડકારોનો સામનો કરવા સક્ષમ બનાવવા.
- બાળકોને જ્ઞાન સાથે મૂલ્ય તેમજ આધ્યાત્મિક શિક્ષણ આપવું એ લક્ષ્ય એ આ શાળાનું શ્રેષ્ઠ લક્ષ્ય છે.

## વર્ગખંડ

- મોકળાશ અનુભવાય તેવી સગવડોથી ભરેલી જગ્યા, જેમાં સ્થાપત્યની દ્રષ્ટિએ બાળમાનસનો વિચાર કરી સુંદર રીતે સંપૂર્ણ હવાઉજાસવાળી બેઠક વ્યવસ્થા ધરાવતા વર્ગખંડો છે. દરેક વર્ગખંડને કલોઝ સરકીટ કેમેરાથી સાંકળી લેવામાં આવેલ છે.વર્ગખંડમાં પૂરતા પ્રમાણમાં બેન્ચીસ,પંખાઓ,ટ્યુબલાઇટ,પ્લેટફોર્મ,સ્પીકર,સુંદર બ્લેક(કાળું) / ગ્રીન(લીલું) બોર્ડ,ટાઇમ ટેબલ માટેની વ્યવસ્થા તેમજ દ્રશ્ય શ્રાવ્ય શિક્ષણ આપી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. દરેક વર્ગખંડો ડિસપ્લે બોર્ડથી સુસજ્જ છે. જેમા વિદ્યાર્થીઓ પોતાની સ્વરચના રજૂ કરી શકે છે. શાળાની પોતાની વેબસાઇટ તેમજ શાળા **APP** પણ અસ્તિત્વમાં છે, અને તે દ્વારા વિદ્યાર્થીઓના વાલીશ્રીઓને ઘર સુધી વિદ્યાર્થીઓની પ્રગતિ-પ્રવૃત્તિની જાણ કરવાનો હેતુ હાથ ધરાયેલ છે.

## સ્માર્ટ કલાસ

- સાંભળવાની સાથે – સાથે જે ઘટના બની રહે છે તેને નજર સમક્ષ નિહાળવામાં આવે તો કોઇપણ ઘટના લાંબા સમય સુધી કે હંમેશા માટે યાદ રાખી શકાય છે. વિદ્યાર્થીઓ પણ તેમને ભણાવવામાં આવતા વિવિધ વિષયોનાં મુદ્દાઓ અને હેતુલક્ષી માહિતીઓ પ્રત્યક્ષ નિહાળીને સરળતાથી યાદ રાખી શકે તે માટે દરેક વિભાગમાં સ્માર્ટ કલાસની અલાયદી વ્યવસ્થા કરેલી છે. તેમજ વર્ષ ૨૦૨૪-૨૫ માં પ્રાથમિક વિભાગમાં તમામ ખંડ કુલ ૨૦ સ્માર્ટ કલાસ ખંડ બનાવવા નું શાળા નું લક્ષ્ય પૂર્ણ કરેલ છે.



## ચિત્રકળા ખંડ

- વિદ્યાર્થીઓમાં ચિત્રકળા પ્રત્યે અભિરુચિ વિકસે તે માટે સંસ્થામાં અલગ ચિત્રકળા ખંડની રચના કરવામાં આવેલી છે, જ્યાં નિષ્ણાંત શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી તૈયાર કરેલા ચિત્રો અને કલાત્મક ચિત્રના નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવે છે.

## પ્રયોગ શાળા

- ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં વિજ્ઞાન પ્રવાહનાં વિદ્યાર્થીઓ માટે અદ્યતન સાધનોથી સુસજ્જ રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન તેમજ જીવવિજ્ઞાન પ્રયોગશાળા કાર્યરત છે.

## સંગીત ખંડ

- શાળામાં વિદ્યાર્થીઓ માટે સંગીત ખંડનું આયોજન કરવામાં આવેલું છે જેમાં વિદ્યાર્થીઓ સંગીત શિક્ષકના માર્ગદર્શન હેઠળ વિવિધ સંગીતમય પ્રવૃત્તિ કરે છે. સંસ્થામાં હાર્મોનિયમ, ઓર્ગનપ્લેયર, તબલા, નાલ, જેવા સંગીતના  સાધનો ઉપલબ્ધ છે. શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ પોતાની સુષુપ્ત શકિતઓનું પ્રદર્શન કરે છે.



## કોમ્પ્યુટર વિભાગ

- શાળાના બન્ને વિભાગો ની પ્રાથમિક વિભાગની એક અને માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં બે એમ કુલ ૩ (ત્રણ) કોમ્પ્યુટર પ્રયોગશાળા અસ્તિત્વ ધરાવે છે. જેમાં અભ્યાસક્રમને આવરી લેતા તમામ સોફ્ટવેર રાખવામાં આવેલ છે. અને ધો – ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ વૈકલ્પિક વિષય તરીકે કોમ્પ્યુટર લઇ સારું જ્ઞાન પ્રાપ્ત કરી શકે તેવી વ્યવસ્થા કરેલી છે. આગામી વર્ષમાં વિદ્યાર્થીઓ કોમ્પ્યુટરનો ઉપયોગ ગુજરાતી ભાષામાં પણ કરી શકે તેવા પ્રયત્નો હાથ ધરાયેલા છે. તેમજ **N Computing** ની આધુનિક ટેકનોલોજીથી અપગ્રેડ કરવામાં આવેલ છે.
- કોમ્પ્યુટર પ્રયોગશાળાના વર્ગખંડોમાં ઇન્ટરનેટની કનેક્ટીવીટીની સુવિધા છે તેમજ આધુનિક ટેકનોલોજીથી અપગ્રેડ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને તેમનાં સત્રાંત તેમજ વાર્ષિક પરીક્ષાનાં પરિણામ કોમ્પ્યુટરાઇઝડ આપવામાં આવે છે.વાર્ષિક પરીક્ષાના પરિણામ વેબસાઇટ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવે છે.

## વાંચનાલય

- શાળાના વાંચનાલયને શૈક્ષણિક સાહિત્ય, વ્યક્તિત્વ વિકાસ તેમજ શારીરિક અને માનસિક ક્ષમતાનો વિકાસ કરી શકે તેવા પુસ્તકો દ્વારા સુસજ્જ કરવામાં આવેલ છે. દરેક વિષયોને ઉપયોગી સંદર્ભ પુસ્તકો અંગ્રેજી તેમજ ગુજરાતી ભાષામાં વસાવવામાં આવેલ છે. આ પુસ્તકોની સંખ્યામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે છે. વાલીશ્રીઓ પણ આ પુસ્તકાલયનો લાભ લઇ રહ્યા છે.
- બાળકોમાં વાંચન વૃત્તિ વિકસે તે હેતુથી શાળાના વર્ગખંડમાં વાંચનાલયની વ્યવસ્થા કરવામાં આવેલી છે. બાળકને પ્રત્યેક સપ્તાહે નવુ પુસ્તક વાંચન માટે ઉપલબ્ધ કરવામાં આવે છે.(ધોરણ – ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે)
- શિક્ષકમિત્રો, વાલીમિત્રો અને વિદ્યાર્થીમિત્રો વગેરે શાળામાં વિવિધ વિષયના કેટલા પુસ્તકો છે, તેની માહિતી મેળવી શકે અને તેના જ્ઞાનમાં વધારો કરી શકે તે હેતુસર આનંદમેળામાં અને પુસ્તકાલયમાં અવારનવાર પુસ્તક પ્રદર્શન નું નિત્ય આયોજન કરવામાં આવે છે.

## ઇનડોર આઉટડોર ની સુવિધા

- રમત ગમત દ્રારા શરીર અને મન ને તાજગી મળે છે. વ્યાયામની પૂર્તિ થાય છે. શરીરના તમામ અંગો –ઉપાંગો કેળવાય છે. રમત દ્વારા શિસ્તના પાઠ શીખે છે.
- બાળકમાં રમત થકી મનોરજન ની સાથે પ્રામાણિકતા, એકાગ્રતા, ચપળતા અને સમૂહભાવના ના ગુણો વિક્સે છે. અવલોકન શકિત, નિરીક્ષણ દ્રષ્ટિ,બૌદ્ધિક વિકાસ, તર્કશકિત ની ખિલવણી થાય છે.ઉપર ના તમામ હેતુઓને પરિપૂર્ણ કરવા માટે શાળામાં ,ક્રિકેટ, હોકી, વોલીબોલ, કબડ્ડી વગેરે રમતો રમી શકાય તે માટે વિશાળ મેદાનની સુવિધા ઉપલબ્ધ છે. ટેબલ ટેનિશ, ચેસ, કેરમ, લૂડો વગેરે જેવી ઇન્ડોર રમત માટે અલગથી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ની સુવિધા વિદ્યાર્થીઓ માટે છે.જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહ થી કરે છે.












## ડાઇનીગ હોલ

- સાત્વિક ભોજન કરવાવાળાથી રોગ હંમેશા ડરે છે શાળામાં બાલવાડીનાં ભુલકાંઓ સાથે મળીને એક સરખો સાત્વિક નાસ્તો રુચિ મુજબ કરી શકે તે હેતુથી ડાઇનીગ હોલ ની અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યાંની આકર્ષક બેઠક વ્યવસ્થા અને સ્વચ્છતા ને આકર્ષે છે. બાળકો રોજના અલગ નીતનવા સ્વાસ્થ્યવર્ધક નાસ્તા ની દિલથી મોજ માણે છે.

## યજ્ઞશાળા

- આપણી પ્રાચીન સંસ્કૃતિને કદાચ એક જ શબ્દમાં સમેટી લેવી હોય તો તે શબ્દ છે યજ્ઞ, ભગવાનને અપાતી પવિત્ર આહુતિ એટલે યજ્ઞ. આપના મનુષ્ય જીવનના અંતઃકરણને શુદ્ધ અને સાત્વિક બનાવવા, સકારાત્મક ઉર્જાનો સંચાર કરવા, વિજ્ઞાનને સમજવા, મનની શાંતિ પ્રાપ્ત કરવા, મનમાં રહેલા દુર્ગુણોને દૂર કરવા, વ્યકિતગત ઉન્નતિ સાથે સામાજિક પ્રગતિ સાધવા માટે, આધ્યાત્મિકતાને  જાણવા, ભુમિ અને પ્રદેશને સંસ્કારોથી સુસજ્જ કરી તીર્થસ્થળ બનાવવા, મનોભુમિને ઉચ્ચ, સુવિકસિત અને સુસંસ્કૃત બનાવવા મનુષ્યો જ નહી પરંતુ દરેક જીવ સૃષ્ટિના આરોગ્યની રક્ષા માટે તેમજ માનવના અસાધ્ય રોગો, માનસિક ઉદ્‌વેગો નું નિવારણ કરવા માટે યજ્ઞ એક સર્વશ્રેષ્ઠ માધ્યમ છે.

ઉપરોકત હેતુ સિધ્ધ કરવા માટે ઉમા વિદ્યાલયના પ્રાંગણમાં યજ્ઞશાળાનું આયોજન કરેલ છે. દ્વિતિય સત્રમાં આ યજ્ઞશાળામાં વિદ્યાર્થીઓ પવિત્ર બની યજ્ઞ (હવન) કરીને સમાજનું, શાળાનું અને પોતાના કલ્યાણ અર્થે આ શુભ કાર્યમાં પૂર્ણ શ્રધ્ધાથી જોડાઇને શાળાના સંસ્કૃત શિક્ષક દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞ કરવાનું આયોજન કરેલ છે.

## શારીરિક કૌશલ્ય વિકાસ

- શાળા પરિસરમાં વિશાળ રમતનું મેદાન ઉપલબ્ધ છે. વિશાળ ખુલ્લી જગ્યા ધરાવતા મેદાનમાં વિવિધ આઉટડોર ગેમ્સ જેવી સ્કેટિંગ, બાસ્કેટબોલ, બેડમિન્ટન, ક્રિકેટ, ફૂટબોલ, ખો-ખો, કબડ્ડીની વ્યવસ્થા છે જયારે ઇનડોર ગેમ્સમાં ચેસ, કેરમ, ટેબલ ટેનિસ વગેરે રમતો દ્વારા જીલ્લા તેમજ રાજય કક્ષા સ્તર સુધી સિધ્ધિ પ્રાપ્ત કરેલ છે.
- ધ્યાન અને યોગાસનથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને એકાગ્રતા આવે તે માટે યોગ શિક્ષણનું આયોજન પણ અવાર નવાર શાળામાં હાથ ધરવામાં આવે છે.
- ખેલમહાકુંભમાં શાળાના વિદ્યાર્થીઓએ કબડ્ડી, ખો-ખો, ચેસ, દોડ વગેરે રમતોમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો છે અને કબડ્ડી તેમજ ખો-ખો માં જિલ્લા તેમજ રાજય કક્ષા સુધી વિદ્યાર્થીઓ પસંદગી પામેલ છે.
- શાળા પટાંગણમાં ત્રણ દિવસનો રમતોત્સવ ઉજવવામાં આવે છે. તેમા શાળાનાં તમામ વિદ્યાર્થીઓ રમતોમાં ઉત્સાહથી ભાગ લે છે અને વિજેતા વિદ્યાર્થીઓને શાળા તરફથી પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- યોગ, કસરત, એરોબિકસ, સૂર્યનમસ્કાર, આમ વિવિધ પ્રવૃત્તિ દ્વારા રમતોત્સવનું આયોજન વારંવાર કરવામાં આવે છે.
- બાળકની તંદુરસ્તીને ધ્યાનમાં રાખવા બાલવાડી તેમજ પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગમાં હેલ્થ ચેક અપ કેમ્પ પણ રાખવામાં આવે છે અને યોગ કસરત પણ કરાવવામાં આવે છે.

## બાલવાડી

- બાલવાડી વિભાગમાં દરેક જરૂરિયાત પૂરી પાડતુ બે માળનું મકાન શાળાના સંકુલમાં જ બનાવામાં આવ્યુ છે. જેમા દરેક વર્ગખંડમાં આકર્ષક રંગબેરંગી ભીત ચિત્રો ,ચાર્ટ ડીસ્પ્લે માટે બુલેટીન બોર્ડ, રંગબેરંગી નાની પાટલીઓ, ખુરશીઓ, ટેબલ, નાસ્તા માટે ડાઇનીંગ હોલ, સ્માર્ટ કલાસની સાથે એક્ટીવીટી રૂમની અધતન  સુવિધા, રમત-ગમતના સાધનો તથા શૈક્ષણિક સાધનો વગેરેની આધુનિક વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ઠંડા પાણીની RO સાથેની પરબની પણ સુવિધા ઉપલબ્ધ છે.
- બાળકોની ઉંમર તથા તેમની સમજશક્તિને ધ્યાનમાં રાખીને પદ્ધતિસર અભ્યાસક્રમનું પૂર્વ આયોજન, બાળકોની અંદર રહેલી આવડત અને ઉત્સુકતાને મોકળો માર્ગ આપવાના હેતુસર વિવિધ તહેવારો, પ્રદર્શનો, આનંદમેળો, અને રમત-ગમતનું આયોજન,વિવિધ પપેટસ, ફેસમાસ્ક અને ફ્લેશકાર્ડ દ્વારા બાળગીત અને બાળવાર્તાનું આયોજન સાથે રજૂઆત વગેરે દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ કરવો જે બાલવાડી વિભાગના અત્યંત આધુનિક આકર્ષણો છે.
- **પદવીદાન સમારોહ** : બાળક જયારે શૈક્ષણિક ક્ષેત્ર પૂરું કરી કારકિર્દી તરફ આગળ ડગ માંડે છે.ત્યારે આગળ ના ભવિષ્ય માટે તૈયાર કરવાની ક્રિયા એક પદવી આપી સન્માનિત કરવામાં આવેછે. તેને પદવીદાન વિધિ કહેવામા આવે છે. આ હેતુ બાળકો ને વધાવી લઇ તેમના માટેપદવીદાન સમારોહ નુ આયોજન કરવામાં આવે છે. જેનો હેતુ બાળકોને એક સન્માન સાથે પ્રાથમિક વિભાગ સાથે  જોડી બાળકો અને વાલીઓને પ્રોત્સાહિત કરવાનો હતો.આ નવી પ્રણાલી ને સૌએ ખૂબ જ આનંદ સાથે વધાવી લીધેલ હતી જે ખરેખર બાલવાડી વિભાગ માટે ખુબ સુંદર અને આકર્ષણ નુ કેન્દ્ર બની રહે છે.












## સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ

- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક પ્રવૃત્તિની સાથે સાથે સહશૈક્ષણિક પ્રવૃત્તિઓને પણ એટલું જ મહત્ત્વ આપવામાં આવે છે. શાળા દ્વારા સહશૈક્ષણિક પ્રવૃત્તિઓનું વર્ષમાં સમયાંતરે આયોજન કરવામાં આવે છે, જેમાં મુખ્યત્ત્વે ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધા, જ્ઞાનગમ્મત, કિવઝ ડિબેટ, તેમજ વિવિધ દિન શિક્ષક દિન, વિજ્ઞાન દિન,માતૃભાષા દિન,હિન્દી દિવસ, પર્યાવરણ દિન,વગરે દિવસોની ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત આંતરશાળા પ્રવૃત્તિઓમાં પણ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લે છે અને પોતાનું તેમજ શાળાનું અને વાલીશ્રીઓનું ગૌરવ વધારે છે.
- શાળા વિકાસ સંકુલ દ્વારા આયોજીત તમામ પ્રવૃત્તિઓ જેવીકે રમતગમત, વિજ્ઞાન વિષયક, કલા વિષયક પ્રવૃત્તિમાં શાળાના બાળકો ભાગ લે છે. આમ શાળાકક્ષાએ પણ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.
- વિજ્ઞાન ક્ષેત્રમાં સતત કરવામાં આવતી પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય છે, સાથે સાથે વિજ્ઞાન મેળામાં ખૂબજ ટૂંકા સમયગાળામાં વિદ્યાર્થીઓએ રાજય કક્ષાએ પણ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે.
- પર્યાવરણ જાગૃતિ માટે વિદ્યાર્થીઓને સતત પ્રવૃત્તિશીલ રાખવામાં આવે છે અને તે માટે શાળામાં ઇકો-કલબ તેમજ ઊર્જા સંરક્ષણદળ ની સ્થાપના કરવામાં આવેલ છે.
- વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક ભાવનાનો વિકાસ થાય તેમજ આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાથી માહિતગાર થાય તે માટેગુરૂપૂર્ણિમાં,જન્માષ્ટમી,ગણેશોત્સવ,નવરાત્રી,નાતાલ,વાર્ષિકોત્સવ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તેમજ ગીતાજયંતિ નિમિત્તે ગીતાજ્ઞાન કસોટી, વકતૃત્વ સ્પર્ધા તથા સ્વચ્છતા અભિયાન હેઠળ રેલી કાઢી પ્લાસ્ટિક મુક્ત વડોદરા, સ્વચ્છતા જાગૃતિ માટેનાં કાર્યક્રમો યોજવામાં આવે છે. તેમજ ગીતા ચિન્મય મિશન સંસ્થા દ્વારા ગીતામુખપાઠનું આયોજન કરવામાં આવે છે. ઉપરાંત ધોરણ ૧ થી ૫ નાં વિદ્યાર્થીઓ માટે મૂલ્યનિષ્ઠ શિક્ષણ નો સમાવેશ પણ કરવામાં આવેલ છે.
- વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક જ્ઞાનનો વિકાસ થાય તે માટે વિવિધ ધાર્મિક ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે.
- નવરાત્રી મહોત્સવ - નવરાત્રીનાં તહેવાર પ્રસંગે શાળામાં બન્ને માધ્યમ દ્વારા ગરબા મહોત્સવનું અને ગરબા હરીફાઇનું આયોજન કરવામાં આવે છે.

## પ્રવાસ અને ફિલ્ડ ટ્રીપ

- વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ રૂપે વધુ માહિતી આપવા તથા તેમની રસરુચિને પ્રોત્સાહિત કરવા શાળામાં પ્રવાસ અને ફિલ્ડ ટ્રીપનું આયોજન કરવામાં આવે છે. આજવા ફનવર્લ્ડ, કાંકરીયા, સાયન્સ સીટી, સાપુતારા, સૌરાષ્ટ્ર પર્વતારોહણનાં સ્થળો, સાસણગીર,કચ્છનું રણ જેવા સ્થળે પ્રવાસ યોજવામાં આવે છે. આમ બાળકોને તેના દ્વારા ભારતીય સંસ્કૃતિના વિરલ વારસા અને પ્રકૃતિ વિશે જાણકારી આપવામાં આવે છે.
- અવલોકન દ્વારા બાળકોનાં સામાન્યજ્ઞાનને સમૃધ્ધ બનાવવા ફિલ્ડ ટ્રીપનું આયોજન બાલવાડી તેમજ ધો-૧ અને ૨ માં કરવામાં આવે છે. એરપોર્ટ, રેલ્વેસ્ટેશન, સેન્ટ્રલ બસ ડેપો, બરોડા ડેરી, અમૂલ ડેરી, નિમેટા વોટર પ્લાન્ટ, પ્રાણી સંગ્રહાલય, મોલ, સુપર માર્કેટ, ઇસ્કોન મંદિર, **I.P.C.L.** સ્ટેડિયમ, તપોવન, **A.P.M.C.**માર્કેટ, **SRPF Group-9** ગણેશદર્શન, બોટોનિકલ ગાર્ડન એમ.એસ.યુનિ. વગેરે જેવાં સ્થળોએ વિદ્યાર્થીઓને લઇ જઇને રોજબરોજની જીવન જરૂરી વસ્તુઓની લેવડ-દેવડથી સંપૂર્ણ માહિતગાર કરવામાં આવે છે.
- બાળકોમાં શારીરિક સ્વચ્છતાની જાગૃતિ કેળવાય તે હેતુસર બાળકોને ડેન્ટલ મ્યુઝિયમ જોવા લઇ જવામાં આવ્યા હતા જ્યાં ડાૅ. ચંદારાણા દ્વારા પ્રદર્શન અને પ્રોજેક્ટ દ્વારા દાંતની સ્વચ્છતાની ખૂબજ સરસ માહિતી આપવામાં આવી હતી.



## વાર્ષિકોત્સવ

- વિદ્યાર્થીઓમાં રહેલી કળાને પ્રદર્શિત કરવા માટે એક મંચ પૂરો પાડવામાં આવે છે. આ ઉત્સવની દર વર્ષે વિદ્યાર્થીઓ તથા વાલી મિત્રો આતુરતા પૂર્વક રાહ જોતા હોય છે. આ પ્રસંગે કડવા પાટીદાર કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ અને શહેરનાં વિવિધ ક્ષેત્રનાં મહાનુભાવો હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરે છે.

## આનંદમેળો

- શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી શાળા સંકુલમાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ દ્વારા "આનંદ મેળા" નું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવે છે.વિદ્યાર્થીઓ દ્વારા મોટી સંખ્યામાં સ્ટોલ રાખવામાં આવે છે.વાલીશ્રીઓ પણ ઉત્સાહ પૂર્વક આનંદમેળો માણે છે.

## સેમિનાર

- મેડીટેશન, યોગ, વર્ગમાં રસમય શિક્ષણ કેવી રીતે સફળ નીવડે વગેરે વિષયો પર પ્રવૃત્તિસહ શિક્ષકમિત્રો માટે સેમિનારનું આયોજન કરવામાં આવે છે.
- દેવભૂમિ તરીકે ઓળખાતા સંસ્કૃતિ તેને આધ્યાત્મિકતા વિશે જાણે તે હેતુસર ભારતીય સંસ્કૃતિ શાંતિકુંજ, હરિદ્વાર અને ઉમા વિદ્યાલય સંયુકત ઉપક્રમે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પ્રતિયોગીતા લેવામાં આવે છે.
- વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક, બૌદ્ધિક તેમજ ભાવાત્મક બદલાવ અને તેના માટે શિક્ષક મિત્રોને વર્ગખંડમાં કેવું વાતાવરણ તૈયાર કરી શકે તે હેતુસર લાયન્સ કવેસ્ટ ઈન્ડિયા તેમજ ઉમા વિદ્યાલયના સંયુકત ઉપક્રમે શિક્ષક મિત્રો માટે ટીચર ટ્રેનીગ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે.
- ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે છાત્ર સાંસદ વડોદરા તરફથી **Cost Management Accounting (CMA)** કોર્સ વિશે માહિતી આપી છે.
- ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરિક્ષામાં ગણિત બેઝિક રાખવું કે સ્ટાન્ડર્ડ તે માટેની માહિતી આપવા માટે વાલી – વિદ્યાર્થી – શિક્ષક મીટીગનું **online** આયોજન કરવામાં આવ્યું હતું. કરિયર કાઉન્સેલિંગનો કાર્યક્રમ **Online** કરવામાં આવ્યો હતો.

## વાલી સંવાદ


- સંસ્થા અને વાલી વચ્ચે નિકટતા વધે તે આશયથી સંસ્થામાં વાલી મિત્રોને ધ્યાનમાં રાખીને વિશિષ્ટ પ્રવૃત્તિઓ રાખવામાં આવે છે પૂર્વ પ્રાથમિક થી ધોરણ૧૨ ના વિદ્યાર્થીઓની વર્ષના બન્ને સત્રમાં વાલી સંવાદનું આયોજન કરવામાં આવે છે. તેમાં સુપ્રિન્ટેન્ડન્ટ અને આચાર્યા તરફથી અભ્યાસક્રમ,પરીક્ષા પધ્ધતિઓ, મૂલ્યાંકન પધ્ધતિઓ, બાળમાનસ ચર્ચા, કિશોરાવસ્થા દરમ્યાન આવતી સમસ્યા વિશેની માહિતી, બોર્ડપરીક્ષા પધ્ધતિ, ગુણાંક પધ્ધતિ વગેરે હેતુ ની મુક્તપણે વાલી મિત્રો સાથે ચર્ચા વગેરે કરી શકાય તે માટે વાલી સંવાદનું આયોજન કરવામાં આવે છે.
- વાલી મિત્રો પોતાના સંતાનના શૈક્ષણિક વિકાસ માટે શિક્ષક, આચાર્ય સાથે મુકત પણે ચર્ચા વિચારણા કરી શકે તે માટે મહિનાના બીજા/ચોથા શનિવારે આપેલ સમય દરમ્યાન શાળાના આચાર્યનો સંપર્ક કરી શકે છે. જયાં વિદ્યાર્થીના વિકાસ અંગેની પરસ્પર ચર્ચા મુકત પણે થઇ શકે છે.



# શાળા પ્રવેશની કાર્યવાહીની વિગત

- જૂન – ૨૦૨૫ માટેના પ્લે-ગ્રુપ થી ધોરણ ૧૨ ના વર્ગોના પ્રવેશની કાર્યવાહી શાળા સંકુલના કાર્યાલય ભવન ખાતેથી ડિસેમ્બર-૨૦૨૪ થી શરૂ કરવામાં આવશે.
- શાળામાં પ્રવેશ માટેની કાર્યવાહી તેમજ વર્ગવાર માહિતીપત્રક, એડમિશન ફોર્મ, યુનિફોર્મની વિગત તેમજ વર્ગવાર અભ્યાસક્રમ માટેના પુસ્તકોની યાદીની જાણકારી કાર્યાલય ભવનમાંથી ઉપલબ્ધ થશે.
- ડિસેમ્બર – ૨૦૨૪ થી પ્રવેશ બાબત કાર્યવાહી માટે આપશ્રી આ સંકુલના એડમિનિસ્ટ્રેટરનો સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ ના સમયગાળા દરમ્યાન સંપર્ક કરી વધુ જાણકારી મેળવી શકશો.

## પ્રવેશ મેળવતી વખતે ૩૧/૦૫/૨૦૨૫ ના રોજ બાળકની ઉંમર




## પ્રવેશ ફોર્મ સાથે નીચેના પૂરાવાઓ રજુ કરવાના રહેશે.

૧. જન્મ તારીખના દાખલાની ખરી નકલ (ઝેરોક્ષ), ઓરીજિનલ પરત કરવામાં આવશે.
૨. ગુણપત્રક ની ખરી નકલ.
૩. શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ (True copy of Leaving Certificate)
૪. K.G. ના બાળકો માટેનો Family Photograph (2 Copy)
૫. બાળકના આધાર કાર્ડની ઝેરોક્ષ
૬. બેંક એકાઉન્ટની ઝેરોક્ષ

### પ્રવેશ વખતે

૧. અસલ ગુણપત્રક (Original Marksheet)
૨. અસલ શાળા છોડયાનું પ્રમાણપત્ર (Original Leaving Certificate)
૩. પાસપોર્ટ સાઇઝનો એક ફોટોગ્રાફ

## શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ-વડોદરા.
## સંચાલિત પ્રવૃત્તિઓ

- વિદ્યાર્થી લોન / શિષ્યવૃત્તિ
- કર્મચારી કલ્યાણનિધિ ટ્રસ્ટ ફંડ
- કન્યા દત્તક યોજના
- સમૂહ લગ્નોત્સવ
- વિધવા-ત્યકતા બહેનોને મદદ
- નિરાધાર પુરુષોને સહાય
- કુમાર તથા કન્યા છાત્રાલય

# ઉમા વિદ્યાલયના ઝળહળતા તેજસ્વી તારલા

Akshay S Halyal (E.M.)



B.E in Mechanics

Dr. Margi patel (G.M.)



B.P.T. , L.P.N. , M.A.

Nikhil Suthar (G.M.)



COO, Startup Studio
Parul University

Chirag Mantri (E.M.)



C.A.

Dr. Astha Amrutlal Patel (G.M.)



BDS

Dr. Divya M Rajput (G.M.)



B. H. M. S.

Kishore Ghorpade (E.M.)



I.T.B.P. FORCE

Dr. Aanal B Gandhi (G.M.)



Physiotherapist

Himanshi Kapoor (E.M.)



Lecture, M.S. University

विद्याप्राप्तिः मनुष्यस्य परमोधर्मः ।

UMA VIDYALAYA

Dr. Nidhi A. Rathod (G.M.)




B. H. M. S.

Pratham jaiswal (E.M.)



B. H. M. S.

Teesha Bhavsar (E.M.)



Actress Gujarati & South
Indian Movies

Dr. Radhika Arvindbhai Gurjar (G.M.)



BAMS, MD

Dr. Upinderkaur Sangra (E.M.)



MBBS, SSG (Currently in UK)

Vikas Rajwat (E.M.)



Lansnayak Indian Army

Gadhvi vaidehi (G.M.)



M.J.C.P

Tantod Jaya (G.M.)



Bachelor of Pharmacy

Vyas Harsh (G.M.)



C.A.

Bhumi Naithani (E.M.)



M.B. B. S.

Dr. Mahima Thakor (G.M.)



Bachelor of occupational
therapy

Ruchita upadhyay (G.M.)



B.Pharm

Dr. Shaktisinh Tantod (G.M.)



M.B. B. S.

## શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ


|ટ્રસ્ટીશ્રી | શ્રી અનંતભાઇ આર. પટેલ |
|---|---|
| ટ્રસ્ટીશ્રી (પ્રતિનિધી) | શ્રી સિધ્ધર્થભાઇ પી. પટેલ |
| પ્રમુખશ્રી | શ્રી નરેન્દ્રકુમાર એમ. પટેલ |
| ઉપપ્રમુખશ્રી | શ્રી કેતનભાઇ સી. પટેલ |
| મંત્રી | શ્રી કલ્પેશભાઇ જે. પટેલ |
| ખજાનચી | શ્રી વસંતભાઇ કે.પટેલ |
| સહમંત્રી | શ્રી જગદીશભાઇ પટેલ |
| સહમંત્રી | શ્રી દિપકભાઇ પટેલ |
| અન્વેષકશ્રી | શ્રી આલોકભાઇ પટેલ |


॥ तमसो मा ज्योतिर्गमय ॥
ક. પા. કેળવણી મંડળ વડોદરા
॥ सा विद्या या विमुक्तये ॥




## શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ
## વડોદરા સંચાલિત

विद्याप्राप्तिः मनुष्यस्य परमोधर्मः ।

ઉમા વિદ્યાલય

# ઉમા વિદ્યાલય

**શ્રી કેશવ - ગોવર્ધન કેળવણી સંકુલ**
સોમનાથનગર પાસે, તરસાલી,
વડોદરા - ૩૯૦ ૦૦૯.
ફોન : ૮૦૦૦૧૦૨૪૦૨
Email : admin@umavidyalaya.org
www.umavidyalaya.org



Omnipresent +91 98256 37851